અપીલ અરજી નં.૪૩૯ તા.૧૨–૩–૧૦

અરજદારઃ– શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા
સામાવાળાઃ– ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિ તી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા તા.૪–૧–૧૦ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકામાં આકાર સી.એસ.એમ.એસ. અને શીવસાંઈ કોમ્પ્યુટર ઓપરેટરો જે કંપનીઓને સીવીક સેન્ટરો માટે ફાળવવામાં આવ્યા છે તે આ બંને કંપનીઓ ધ્વારા જે તે સીવીક સેન્ટરોમાં આજદિન સુધીમાં બેસાડવામાં આવેલા તમામ કોન્ટ્રાકના માણસોના પી.એફ. ભરાયેલી તમામ રસીદની ઝેરોક્ષ નકલ અનેનામ સરનામા, બેંક ખાતા નંબર, વારસદાર અથવા નોમીનેશન નામ સાથેની સંપૂર્ણ વિગતવાર અને પુરાવા સહિતની વિ.મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૯/૨૦૦૯–૧૦

શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા તા.૪–૧–૧૦ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકામાં આકાર સી.એસ.એમ.એસ. અને શીવસાંઈ કોમ્પ્યુટર ઓપરેટરો જે કંપનીઓને સીવીક સેન્ટરો માટે ફાળવવામાં આવ્યા છે તે આ બંને કંપનીઓ ધ્વારા જે તે સીવીક સેન્ટરોમાં આજદિન સુધીમાં બેસાડવામાં આવેલા તમામ કોન્ટ્રાકના માણસોના પી.એફ. ભરાયેલી તમામ રસીદની ઝેરોક્ષ નકલ અને નામ સરનામા, બેંક ખાતા નંબર, વારસદાર અથવા નોમીનેશન નામ સાથેની સંપૂર્ણ વિગતવાર અને પુરાવા સહિતની વિ.મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબત. આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૧૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧ ૪૭૯ તા.૨૨–૩–૧૦ થી ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા મળેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરેલ નથી. જે રજુ કરવા જણાવવામાં આવે છે. વધુમાં જો તેમણે મુળ અરજીથી પ્રમાણિત કરેલ નકલો માંગેલ હોય તો તેનો આધાર રજૂ કરવા તથા અપીલમાંના તેમની અધૂરી તથા માંગણીથી ભિન્ન પ્ર કારની માહિતીના દાવા અંગે ૧૬ મુદ્દા પૈકી કઈ માહિતી અધૂરી અને ભિન્ન છે તે મુદ્દાવાર સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૪૨૩૭ તા.૩૧–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારનો તા.૧૨–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા.૪–૧–૧૦ ની મુળ અરજીની નકલ, સેન્ટ્રલ ઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૭૭ તા.૬–૧–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમ, નિયામકશ્રી પી.એફ કચેરી મજુરાગેટ, અને મુખ્ય હિસાબનીશને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, સેન્ટ્રલ ગર્વમેન્ટનો પ્રિ કવોલીફીકેશન ક્રાઈટેરીયાના ઓફિસ મેમોરેડમ તા.૧૭–૧૨–૨૦૦૦ ની નકલ, ડાયરેકટર ઓફ પ્લાનીંગ સી.ઈ. સ્પે.ની આ.નં.૬૦૬ તા.૬–૧–૦૪ ની નોંધ તથા સ્થા.સ. ઠરાવ નં.૧૩/૨૦૦૪ ટેન્ડરો અંગેની વિગતો તુલનાત્મક પત્રક ની નકલ, આકાર સી.એસ. એમ એસનો તા.૨–૧૧–૦૯ નો આરટીઆઈની કલમ–૮(૧) (ઘ) અનુસાર વાંધો લેતો પત્રની નકલ, મુદ્દા નં.૧૩ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૬૦ તા.૧૬–૨–૧૦ થી આપેલ માહિતી પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૨૦ તા.૩–૨–૧૦ થી માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/૩૫૨૦ તા.૩–૨–૧૦ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૮૮ તા.૧ ૮–૩–૧૦ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.જયારે અરજદારે અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં કોઈ પૂરક વિગતો રજુ કરેલ નથી.

અરજદારની તા.૪–૧–૧૦ ની માહિતી માંગતી મુદ્દા નં.૧ થી ૧૬ ની અરજી જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ થી ૧૫ માહિતીને લગતા છે. જયારે મુદ્દા નં.૧૬ માં માહિતી આપવાની વિગત જણાવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકામાં આકાર સી.એસ.એમ.એસ. અને શીવસાંઈ કોમ્પ્યુટર ઓપરેટરો જે કંપનીઓને સીવીક સેન્ટરો માટે ફાળવવામાં આવ્યા છે તે આ બંને કંપનીઓ ધ્વારા જે તે સીવીક સેન્ટરોમાં આજદિન સુધીમાં બેસાવામાં આવેલા તમામ કોન્ટ્રાકના માણસોના પી.એફ. ભરાયેલી તમામ રસીદની ઝેરોક્ષ નકલ અને નામ સરનામા, બેંક ખાતા નંબર, વારસદાર અથવા નોમીનેશન નામ સાથેની સંપૂર્ણ વિગતવાર અને પુરાવા સહિતની માહિતી આપવા બાબત. મુદ્દા નં.ર. પી. એફ. ઓફિસરશ્રીઓ/ કમિશનરશ્રીઓ, મજુરાગેટ જે તે સમયે નોકરીમાં જોઈન્ટ થયા ત્યારે કયા પુરાવાને આધારે જોઈન્ટ થયા તેની વિગતવાર પુરાવા સહિત આપવી. મુદ્દા નં.૩ પી.એફ. કચેરીમાં આરટીઆઈ સંકલન કરતાં અધિકારીનું નામ, સરનામું, હોદ્દો, તેમજ જે તે સમયે નોકરીમાં જોઈન્ટ થયા ત્યારે કયા પુરાવાને આધારે જોઈન્ટ થયા તેની વિગતવાર માહિતી પુરાવા સહિત આપવી. મુદ્દા નં .૪ આ અધિકારીશ્રીઓના ફેમીલી પાસે બેંક રોકડ, ઘરેણા, મકાનો ગાડીઓ, કોના કોના નામ એકાઉન્ટ છે કોણ કોણ ઈન્કમટેક્ષ ભરે છે તેની તમામ માહિતી પુરાવા સહિત આપવી. મુદ્દા નં.૫ પી.એફ. કચેરીમાં આકાર સી.એસ.એમ.એસ. કોમ્પ્યુટર ઓપરેટરોના કોન્ટ્રાકટ ચાલે તે કયા પુરાવાના આધારે આપવામાં આવ્યો છે.? આ ટેન્ડર બહાર પડયું તે કેટલી તારીખે અને કયા પેપર /અખબાર/ન્યુઝ સમાચાર આપેલ છે.? મુદ્દા નં.૬. પી. એફ. કચેરીમાં આકાર સી.એસ.એમ. એસ. કોમ્પ્યુટર ઓપરેટરોના કોન્ટ્રાકટ ચાલે છે તેમાં કેટલા માણસોનો ચાલે છે? તેનો પગાર પી. એફ. કચેરી ધ્વારા કેટલો મંજુર કરવામાં આવ્યો છે? તે વ્યકિતદીઠ કેટલો પગાર આપે છે? મુદ્દા નં. ૭ પી. એફ. કચેરીમાં કોન્ટ્રાકટ આપતી વખતે કેટલા ટેન્ડરની વહેંચણી કરવામાં આવી હતી? અને કેટલા ટેન્ડર ઈસ્યુ કરવામાં આવ્યા હતા તે તમામ કંપનીઓના નામ, સરનામાં સાથેની માહિતી અને આ ટેન્ડર ભરેલ તમામ કંપનીઓના ટેન્ડર પ્રાઈઝબીડ રકમ કેટલી હતી તેની તમામ માહિતી પુરાવા સહિત અને વિગતવાર આપવી. મુદ્દા નં.૮. આકાર સી.એસ.એમ. એસ.નું ટેન્ડર પી. એફ. કચેરીમાં કયા કારણે પાસ કરવામાં આવ્યું તે તમામ માહિતી પુરાવા સહિત આપવી? મુદ્દા નં. ૯ આકાર સી. એસ. એમ. એસ. નું ટેન્ડર પી.એફ. કચેરીમાં પાસ કર્યા બાદ કરેલ તમામ ખાતાકીય રીપોર્ટીગ તેમજ વર્ક ઓર્ડર હુકમોની નકલો આપવા બાબત. મુદ્દ નં.૧૦ આકાર સી.એસ.એમ. એસ. ના પી. એફ. કચેરીમાં બેસતા માણસોનું કવોલીફેકશન ટેન્ડરના

નિયમમાં કેટલું છે? અથવા તો પી. એફ. કચેરી ધ્વારા કેટલું કવોલીફીકેશન નકકી કરવામાં આવ્યું છે? તે ઠરાવ/ટેન્ડરના નિયમોની ઝેરોક્ષ કોપી આપવી. મુદ્દા નં.૧૧ આકાર સી. એસ. એમ. એસ. ના પી. એફ કચેરીમાં બેસતા તમામ કોન્ટ્રાકટ માણસોના નામ, સરનામા, કવોલીફીકશન સહિતી માહિતી આપવી. મુદ્દા નં.૧૨ આકાર સી. એસ. એમ. એસ. કચેરીમાં બેસતા તમામ કોન્ટ્રાકટ માણસોના પી. એફ. ભરાય છે કે કેમ? જો પી. એફ. ભરાતા હોય તો કયા નામથી ભરાય છે? તેમજ તમામ માણસોની પી. એફ. ભરાયેલી રસીદની ઝેરોક્ષ નકલ આપવી. જો ન ભરાતો હોય તો પી. એફ. કચેરીએ તેની સામે શું કાર્યવાહી કરી તેની તમામ માહિતી અને ડમી નામથી ભરવામાં આવતો હોય તો પી. એફે કચેરી શું પગલા ભરશે તેની વિગતવાર અને પુરાવા સહિતીની માહિતી આપવી. મુદ્દા નં.૧૩ પર્સોનલ ઓફિસર બંકિમ દેસાઈ અને ડે. કમિશ્નર સી. જે. ગામીત ધ્વારા ટેન્ડર નોટીસ નંબર જીએડી/ઈએસટી/ ૧ ૨૪૦–૦૯–૧૦ ના રોજ બહાર પાડવામાં આવેલ ટેન્ડરમાં જે શરતો બનાવી છે તે કયા નિયમોને આધીન બનાવી છે તે તમામ ઠરાવ હોય તો ઠરાવ અથવા રીપોર્ટ/નોંધ/સાદર રજુ/વગેરે જે કંઈ પણ રીપોર્ટ કર્યા હોય તો તેની કોપી આપવી અને કયા અધિકારીઓ ધ્વારા આ નિયમો બનાવવામાં આવ્યા તેની વિગતવાર પુરાવા સહિતી માહિતી આપવી. મુદ્દા નં.૧૪ સુમપા આ બંને કંપનીઓ ૨૦૦૪ થી આજ દિન સુધી પી. એફ. ભરાતા નહોય તો કોઈ પગલા લીધા છે ખરા? જો લીધા હોય તો તમામ રીપોર્ટીગની નકલ આપવી અને અને જો કોઈ પણ પ્રકારના પગલા ન લીધા હોય તો કયા નિયમોના આધારે અને કોના કહેવાથી અને કયા અધિકારીના કહેવાથી પગલા લીધેલ નથી. તેની તમામ પુરાવા સહિત અને અધિકારીના નામ સરનામાં મોબાઈલ સહિતની માહિતી આપવી. મુદ્દા નં.૧૫ ખરેખર આ કંપનીઓ ઘણા સમયથી સુરત મહાનગરપાલિકામાં પી. એફ. ભરતી નથી તો આના માટે જવાબદાર અધિકારી કોણ? સુરત મહાનગરપાલિકામાં આ બંને કંપનીઓ પી. એફ. ભરતી હોય તો રસીદની ઝેરોક્ષ નકલ આપવાની હોય છે તે ખરેખર તમે માંગી છે જો માંગી હોય તો તમામ રીપોર્ટની નકલ આપવી અને જો ન માંગી હોય તો શા માટે નથી માંગી ? મુદ્દા નં.૧૬ ઉપર માં ગ્યા મુજબની તમામની વિગતવાર સંપૂર્ણ ખરી અને સાચી નકલ અને સ્પષ્ટ ગુજરાતીમાં જવાબ સાથે માહિતી આપવા વિનંતી. જે સ ેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક /૧૩૭૭ તા.૬–૧–૧૦ થી ૧.પર્સોનલ ઓફિસર મહેકમ,૨. નિયામકશ્રી પી.એફ. કચેરી મજુરાગેટ સુરત ૩. મુખ્ય હિસાબનીશને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને નં.જીએડી/ઈએસટી/૩૫૨૦ તા.૩–૨–૧૦ થી માહિતી અને દસ્તાવેજના પાનાની કુલ સંખ્યા–૩૧ પ્રતિ પાનાદીઠ રૂા.૨/– લેખે માટે રૂા.૬૨/– જમા કરાવવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી રસીદ નં.૨૫૫૯૯૫૪ સેન્ટ્રલઝોન ખાતે તા.૮–૨–૧૦ ના રોજ ભરપાઈ કરેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. નં.જીએડી/ઈએસટી/૩૬૬૦ તા.૧૬–૨–૧૦ થી મુદ્દા નં.૧૩ ના અનુસંધાને માંગેલ માહિતી પેટેની નકલ પાના નંગ–૩૧ પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે ૩૦ દિવસની સમય મર્યાદાનો ભંગ કરી નાણા વસુલી સાત દિવસ પછી પોસ્ટ ધ્વારા માહિતી મોકલી હોવાની અને માહિતી પ્રમાણિત કર્યા વગરના પત્રો હોવાનું જણાવી તા.૧૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અધૂરી માહિતી અંગે કોઈ આધાર જણાવેલ નથી. અરજદારે અપીલ અરજી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૬૦ તા.૧૬–૨–૧૦ ના મળેલા પ્રત્યુત્તર સબંધે લાગત જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ) સામે કરેલ છે. જેઓએ મુદ્દા નં.૧૩ ની માહિતી સ્પર્શતી માહિતી અરજદારને ટેન્ડરોની વિગતો બાબતે પાના નંગ–૩૧ અરજદારને માહિતી પૂરી પાડેલ જણાય છે. પરંતુ પૂરી પાડેલી માહિતી પ્રમાણિત કર્યા વિનાની અરજદારની રજૂઆત તથા ૩૦ દિવસની સમય મર્યાદાના ભંગ બાબતે પણ રજૂઆત કરેલ છે. જે જોતાં અરજદારની અરજી તા.૪–૧–૧૦ ના રોજ કરવામાં આવેલ છે અને માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૩૫૨૦ તા.૩–૨–૧૦ થી અરજદારને ૩૧ મા દિવસે ફી ભરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જે અરજદારે તા.૮–૨–૧૦ ના રોજ નાણા ભરપાઈ કરેલ છે જે માહિતી તા.૧૬–૨–૧૦ ના રોજ મોકલવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ દિન–૯ ના વિલંબથી માહિતી પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકીની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે જાહેર માહિતી અધિકારીનો ઓફિસ કામ કાજના સમય દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી આપેલ માહિતીની ખરી નકલ કરાવી જવા જણાવવામાં આવે છે. અરજદાર આપેલી માહિતી રજૂ કરે તો તેને ખરી નકલ કરી આપવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે. જે મુદ્દા માટે અરજદારની અરજી પ્રોવિડન્ડ ફંડ કચેરી ખાતે તબદીલ થયેલ છે તે અંગેની માહિતીની નારાજગી બાબતે અરજદારે લાગત જાહેર માહિતી અધિકારીના અપીલ અધિકારીને અપીલ કરવી રહે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ આરટીઆઈના ભંગ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ ગુજરાત રાજય ગાંધીનગરને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા